## આત્મા યોજના અંતર્ગત બનાસકાંઠા જીલ્લાના ખેડુતોની આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર, આફ્રૃયુ, દે'બારીયાની મુલાકાત

રાજ્ય અંદર પ્રેરણા પ્રવાસ આત્મા યોજના અંતર્ગત બનાસકાંઠા જીલ્લાના જુદાજુદા તાલુકાના ખેડૂતોએ આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દે'બારીયાની તા. ૨૮/૦૨/૨૦૧૯ ના રોજ મુલાકાત લીધેલ હતી.

ડો. જી. જે.પટેલ, યુનિટ અધિકારીશ્રીએ ખેડૂતોનું શાબ્દિક સ્વાગત કરેલ અને આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર, આફ્રૃયુ, દેવગઢ બારીઆ ખાતે કાર્યરત વિવિધ સંશોધન અને વિસ્તરણ પ્રવૃતીઓથી, અત્રેના કેન્દ્ર દ્વારા ખેડુતોપયોગી ખેતી પાકોની વૈજ્ઞાનિક પધ્ધતિઓમાં કરવામાં આવેલ ભલામણો અપનાવી ખેડુતોને આવક બમણી કરવા પ્રોત્સાહિત કર્યા. ડો. ગુણવંત એન. થોરાત, મદદનીશ પ્રાધ્યાપકએ ઘઉં અને ચણાના બીજ ઉત્પાદનની અને મરચી પાકમાં ટપક સિંચાઇ પધ્ધતિ પર ફર્ટીગેશન અને મલ્ચીંગના અખતરાથી ખેડૂતોને માહિતગાર કર્યા. ડો. થોરાતે ખેડૂતોને વેધશાળાની મુલાકાત કરાવી અને અને વિવિધ સાધનોની ઉપયોગીતા વિષે મુલાકાતી ખેડૂતોને સમજણ પુરી પાડેલ હતી.




